# BUSINESS મિત્ર

## ઈરાન પર અમેરિકાના એરસ્ટ્રાઈકથી ગ્લોબલ માર્કેટ ધ્રુજ્યું

**વોલસ્ટ્રીટ** વાયદામાં એક ટકાનો ઘટાડા સાથે ચાલી રહ્યા છે

**એશિયન** શેરોમાં કડાકો, ક્રૂડ ઉછળ્યું વોલ સ્ટ્રીટ ફ્યુચર્સ તૂટ્યા; હોર્મુઝની ખાડીમાં તણાવ વધતાં તેલ બજાર ગરમાયું, ભારતમાં રજા હોવાથી બજાર બચ્યું

**મુંબઈ, તા. 28:** ઈરાન પરના નવા યુએસ હુમલા બાદ આજે એશિયન શેરમાં ઘટાડો થયો હતો. જ્યારે વોલ સ્ટ્રીટ ફ્યુચર્સ સવારના વેપારમાં એક ટકા જેટલો ઘટાડો થયો હતો. જોકે, ભારતીય શેરબજાર બકરી ઈદના કારણે જાહેર રજા હોવાથી બંધ રહ્યા હતા.

અમેરિકી અધિકારીઓએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ કમાન્ડ ફોર્સે હોર્મુઝની ખાડી નજીક ખતરો ઉભો કરનાર ચાર ઈરાની વન-વે એટેક ડ્રોનને તોડી પાડ્યા હતા. અમેરિકી સેનાએ બંદર અબ્બાસમાં ઈરાની ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન પર પણ હુમલો કર્યો હતો જે પાંચમા ડ્રોન લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યો હતો.

આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન વાટાઘાટો કરી રહ્યું છે અને કહ્યું હતું કે અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્રની ચૂંટણી તેમને લગભગ ત્રણ મહિના જૂના સંઘર્ષને સમાપ્ત કરવા માટે ઉતાવળમાં સોદો કરવા માટે દબાણ કરશે નહીં.

ભારતીય સમય પ્રમાણે સવારે 11 વાગ્યાની આસપાસ નાસ્ડેક વાયદો 0.9 ટકા ઘટ્યો હતો. એસએન્ડપી 500 ફ્યુચર્સ 0.41 ટકા અને ડાઉ જોન્સ ફ્યુચર્સ 0.21 ટકા ઘટ્યા હતા, જે યુએસ માર્કેટની નબળી શરૂઆત સૂચવે છે. અમેરિકી સૈન્યએ ઈરાન સામે રક્ષણાત્મક હુમલાની હાકલ કરી હતી, જે પછી એશિયાના બજારમાં મોટાભાગનો ઘટાડો જોવા મળ્યો હતો. એક દિવસ પહેલા તીવ્ર ઘટાડા બાદ ક્રુડના ભાવમાં પણ બેરલ દીઠ એક ડોલરથી વધુનો વધારો થયો છે.

એશિયાના પ્રારંભિક વેપારમાં જાપાનનો નિક્કી 0.1 ટકાથી ઓછો વધીને 65039.78 અને દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.2 ટકા ઘટીને 8126.67 પર બંધ રહ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.9 ટકા ઘટીને 24855.86 પર બંધ રહ્યો છે, જ્યારે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.3 ટકા ઘટીને 4080 પર બંધ રહ્યો છે.

ગઈકાલે ક્રુડ ઓઈલના ભાવમાં 4 ટકાથી વધુનો ઘટાડો થયા બાદ યુએસ શેરો નવી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જેના કારણે વિશ્વભરના ગ્રાહકો અને વ્યવસાયો પરનું દબાણ હળવું થયું હતું.

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ ચાલુ રહ્યા પછી બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ 4.6 ટકા ઘટીને 92.25 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યા હતા. જો કે, આજે બ્રેન્ટ ક્રૂડ પ્રારંભિક ટ્રેડિંગમાં 1.70 ડોલર વધીને 93.95 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો.

## ભારતમાં મે મહિનામાં ક્રુડ ઓઇલની 11 ટકા આયાત વધી

**રશિયાથી** ક્રુડ ઓઇલની આયાતમાં વધારો કરાયો, 23 ટકા વધીને 1.9 મિલિયન બેરલ થઇ

**નવી દિલ્હી, તા. 28:** ભારતની ક્રુડ આયાતમાં વધારો થયો છે, જે મહિનામાં ભારતની ક્રુડ ઓઇલની આયાત 11 ટકા વધીને 50 લાખ બેરલ પ્રતિ દિવસ થઇ ગઇ છે. કારણ કે વિશ્વના ત્રીજા સૌથી મોટા ગ્રાહકે રશિયા અને વેનેઝુએલાથી ખરીદીમાં વધારો કર્યો છે. આઇ ઇન્ટેક મે મહિના માટે અત્યાર સુધીમાં સૌથી વધુ વોલ્યુમ બનવાના માર્ગ પર છે, જે એપ્રિલના 4.5 મિલિયન બીપીડીથી તીવ્ર વધારો દર્શાવે છે. મે મહિનામાં ભારતની ક્રુડ આયાત પણ મજબૂત રહી છે. જ્યારે 2025ની સરેરાશ 4.8 મિલિયન બીપીડીની આસપાસ હતી. ત્યારે મે આયાત હાલમાં 5 એમબીડીની નજીક ટ્રેક કરી રહી છે, જે મે મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ માસિક આયાત છે.

ભારતે રશિયામાંથી 23 ટકા વધીને 1.9 મિલિયન બેરલ કરી છે. યુએઇ દરરોજ 5.40 લાખ બેરલ સાથે બીજા ક્રમનું સૌથી મોટું સપ્લાયર હતું, ત્યારબાદ સાઉદી અરેબિયા 3.98 બીપીડી સાથે બીજા ક્રમે છે. જોકે, યુએઇથી આયાત એપ્રિલથી 4 ટકા ઓછી હતી અને જ્યારે હોર્મુઝ સ્ટ્રેટના અંતરાયના કારણે સાઉદિથી 41 ટકાનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, રશિયા સૌથી મોટો ક્રુડ ઓઇલ સપ્લાયર રહ્યો છે, ત્યારે વેનેઝુએલા, યુએસ ઓમાન, બ્રાઝિલ અને અંગોલા પાસેથી તેની ખરીદીમાં વધારો કર્યો છે. જેથી યુદ્ધગ્રસ્ત પશ્ચિમ એશિયાથી સપ્લાયમાં વિક્ષેપ વચ્ચે સોર્સીંગમાં વિવિધતા લાવી શકાય.

વેનેઝુએલા 2.03 બીપીડી સાથે ચોથા ક્રમનું સૌથી મોટું ઓઇલ સપ્લાયર રહ્યું હતું. જ્યારે યુએસથી 107 ટકા આયાત વધી છે.

## ગિફ્ટ નિફ્ટી 1.7 ટકા તૂટી

**રોકાણકારોને** ડર છે કે જો તણાવ વધુ વધશે તો ક્રુડ ઓઇલના પુરવઠા પર અસર પડી શકે છે

**મુંબઈ, તા. 28:** મીડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર ફરી એકવાર ભારતીય શેરબજારમાં જોવા મળી શકે છે. ઈરાનમાં સૈન્ય મથક પર અમેરિકા દ્વારા તાજેતરના હવાઈ હુમલા બાદ રોકાણકારોની ચિંતામાં વધારો તયો છે. જેની સીધી અસર ગિફ્ટ નિફ્ટી પર જોવા મળી હતી, જે 1.7 ટકાનો તીવ્ર ઘટાડા સાથે 23580 પોઈન્ટ પર આવી ગયો હતો. જેના લીધે આવતીકાલે શેરબજાર મોટા ઘટાડા સાથે ખુલી શકે છે. જોકે, તણાવ વચ્ચે પણ અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટે વાતચીત ચાલુ છે.

દરમ્યાન ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડસે દાવો કર્યો હતો કે, તેઓએ સ્થાનિક સમય મુજબ સવારે 4.50 કલાકે યુએસ એરબેઝને નિશાન બનાવ્યું હતું. ઈરાનની અર્ધ સરકારી સમાચાર એજન્સી તસ્નીમના જણાવ્યા અનુસાર આઈઆરજીસીએ હુમલાની પુષ્ટિ કરી છે, પરંતુ એરબેઝના સ્થાનનો ખુલાસો કર્યો નથી. તે જ સમયે યુએસ અદિખારીઓનું કહેવું છે કે, સેન્ટ્રલ કમાન્ડના દળોએ હોર્મુઝ સ્ટ્રેટની નજીક ધમકી આફી રહેલા ચાર ઈરાની ડ્રોનને તોડી પાડ્યા હતા. આ સિવાય અમેરિકી સેનાએ બંદર અબ્બાસમાં ઈરાની ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશન પર પણ હુમલો કર્યો હતો, જ્યાંથી પાંચમા ડ્રોન લોન્ચ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી.

મીડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલ માર્કેટ પર પણ જોવા મળી હતી. રોકાણકારોને ડર છે કે જો તણાવ વધુ વધશે તો ક્રુડ ઓઈલના પુરવઠા પર અસર પડી શકે છે. આ કારણોસર બ્રેન્ટ ક્રુડની કિંમત 3 ટકાથી વધુ વધીને 97.29 ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. તેજ સમયે યુએસ ડબલ્યુટીઆઈ ક્રુડ પણ 3.42 ટકા વધીને 91.71 ડોલર પ્રતિ બેરલ થયું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આજરોજ બકરી ઈદના કારણે ભારતીય શેરબજાર ટ્રેડિંગ કરી રહ્યું નથી. એનએસઈ અને બીએસઈ બંનેમાં બકરી ઈદ પર રજા હતી. આ પહેલા 1લી મેના રોજ મહારાષ્ટ્ર દિવસને કારણે શેરબજાર બંધ હતું.

## પશ્ચિમ એશિયાના સંકટથી ભારતથી ઈંડાની નિકાસને ફટકો

**ગલ્ફ** દેશોમાં નિકાસ તળિયે, ઓમાનમાં ૯૦%નો ઘટાડો

મુંબઈ, તા. 28: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે ભારતના મરઘાં (પોલ્ટ્રી) નિકાસ બજારમાં ભારે કટોકટી સર્જાઈ છે. માર્ચ મહિનામાં ભારતના મરઘાં ઉત્પાદનોની કુલ નિકાસમાં ૨૦% નો ઘટાડો થયો છે, જેમાં મુખ્ય બજાર એવા યુએઈમાં ૧૯% અને ઓમાનમાં નિકાસ અંદાજે ૯૦% થી વધુ ઘટી ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં ભારતની ૮૨% થી વધુ ઈંડાની નિકાસ ગલ્ફ દેશોમાં થતી હતી, જે નૂર ખર્ચમાં વધારો અને શિપિંગ રૂટ ખોરવાતા અટકી પડી છે.

તામિલનાડુનો મુખ્ય નમક્કલ મરઘાં પટ્ટો આ સંકટથી સૌથી વધુ પ્રભાવિત થયો છે. કન્ટેનરની અછત અને ભાડાના ઊંચા દરને કારણે વિદેશમાં ઈંડા મોકલવાનું હવે નફાકારક રહ્યું નથી. બીજી તરફ, સ્થાનિક સ્તરે મકાઈ, સોયાબીન અને ઈંધણના ભાવ વધવાથી ઉત્પાદન, પેકેજિંગ અને પરિવહન ખર્ચ બમણો થઈ ગયો છે. નિકાસ અટકતાં વેપારીઓ હવે પુરવઠો સ્થાનિક બજાર તરફ વાળી રહ્યા છે, પરંતુ તેનાથી નફાનું માર્જિન 30% ઘટી જશે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં નિકાસ કરાતા ઈંડાની સરેરાશ કિંમત ૬.૯ હતી, જ્યારે સ્થાનિક બજારમાં ભાવ માત્ર ૫.૩ પ્રતિ ઈંડા છે. આમ, નબળી વૈશ્વિક માંગ અને મોંઘા ઉત્પાદન ખર્ચે ભારતીય મરઘાં ઉદ્યોગને બેવડી મુશ્કેલીમાં મૂક્યો છે.

## મોંઘું તેલ અને સોનું વધારશે આર્થિક ચિંતા

**ભારતનું** બાહ્ય સંતુલન જોખમમાં

**૨ ટકાને** વટાવી શકે છે કરંટ એકાઉન્ટ ડેફિસિટ

મુંબઈ, તા. 28: મોંઘા ક્રૂડ ઓઈલ અને સોનાની સતત વધતી આયાતને કારણે ભારતની કરંટ એકાઉન્ટ ડેફિસિટ (CAD) નાણાકીય વર્ષ ૨૦૨૭માં જીડીપીના ૨ ટકાને વટાવી જવાની અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે. બાર્કલેઝ અને એમકે ગ્લોબલના મતે, જો વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ $૧૦૦ થી $૧૧૦ આસપાસ રહેશે, તો આ ખાધ નિયંત્રણ બહાર જઈ શકે છે. એપ્રિલમાં વેપાર ખાધ વધીને $૨૮.૪ બિલિયન થઈ ગઈ છે.

સરકારે સોના-ચાંદી પર આયાત ડ્યુટી ૬% થી વધારીને ૧૫% કરવા જેવા કડક પગલાં લીધા છે. આમ છતાં, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના સતત વધતા ભાવોને કારણે આયાત બિલ ઊંચું જ રહેશે. એપ્રિલમાં સોનાની આયાતમાં વાર્ષિક ધોરણે ૮૧.૭ ટકાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે, જે સ્થાનિક સ્તરે માંગ ઘટાડવાના સરકારી પ્રયાસોની અસરને ઓછી કરે છે.

વિદેશી ભંડોળ સતત બહાર જવાને કારણે ભારતીય રૂપિયો ડોલર સામે ૯૬.૫-૯૭ ની ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યો છે. બાર્કલેઝના મતે, માત્ર આયાત પર નિયંત્રણ પૂરતું નથી; ચુકવણીના દબાણને હળવું કરવા માટે વિદેશી મૂડી પ્રવાહ વધારવો જરૂરી છે. આ માટે સરકારી બેંકોને વિદેશી ચલણ બોન્ડ બહાર પાડવાની મંજૂરી આપવા જેવા નીતિગત પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

## વેદાન્તાના ડિમર્જર બાદ ચારેય કંપનીઓ જુનમાં લિસ્ટ થશે

**ડિમર્જર** પ્રક્રિયા અંતિમ તબક્કામાં; પાંચ ભાગમાં વહેંચાશે બિઝનેસ

મુંબઈ, તા. 28: ડિમર્જર બાદ વેદાન્તા લિ.થી અલગ થનારી ચાર કંપનીઓ આવતા મહિને એટલે કે જુનમાં શેરબજારમાં લિસ્ટ થશે. વેદાન્તા ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલે આપેલા એક ઈન્ટરવ્યુમાં પુષ્ટિ કરી છે. વેદાન્તા લિ. તેની ડિમર્જર યોનજા હેઠળ પાંચ કંપનીઓમાં વહેંચાઈ રહી છે. ડિમર્જર બાદ બેઝ મેટલ બિઝનેસ વેદાન્તા લિ. હેઠળ રહેશે. વેદાન્તા એલ્યુમિનિયમ, તલવંડી, સાબો પાવર, વેદાન્તા સ્ટીલ એન્ડ આર્યન અને માલ્કો એનર્જી બાકીની ચાર કંપનીઓ હશે. આને અલગથી લિસ્ટ કરવામાં આવશે. જણાવી દઈએ કે વેદાન્તા લિ.ના શેરોએ ડિમર્જર અનુસાર એડજસ્ટ કર્યા પછી 30 એપ્રિલ 2026થી ટ્રેડિંગ શરૂ કર્યુ છે. 20 એપ્રિલે બીએસઈ પર રૂ. 290.50 અને એનએસઈ પર રૂ. 289.50ના એડજસ્ટેડ ભાવે ટ્રેડિંગ શરૂ તયો હતો. શેરની એડજસ્ટેડ કિંમત નક્કી કરવા માટે એનએઈસ અને બીએસઈ પર વિશેષ પ્રી ઓપનીંગ સત્ર યોજાયું હતું.

અનલિ અગ્રવાલના જણાવ્યા અનુસાર કંપની હાલમાં દર વર્ષે 30 લાખ ટન એલ્યુમિનિયમનું ઉત્પાદન કરે છે અને આગામી ત્રણ વર્ષમાં 60 લાખ ટન એલ્યુમિનિયમનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય ધરાવે છે. તે ખાનગી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી એલ્યુમિનિયમ કંપની બનશે. આ જુથ ઔદ્યોગિક પાર્ક મોડેલ દ્વારા 1000 ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો વિકસાવવાની પણ યોજના ધરાવે છે. આ ઉપરાંત, વેદાન્તા આગામી ત્રણથી પાંચ વર્ષ દરરોજ પાંચ લાખ બેરલ ઓઈલ ઉત્પાદનના લક્ષ્યને પ્રાપ્ત કરવાની યોજના ધરાવે છ. જેના માટે કંપની 5 અબજ ડોલરનું રોકાણ કરશે. જ્યારે વેદાન્તા પાવર 4000 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી રહ્યો છે. 20 હજાર મેગાવોટ સુધી પહોંચવાનો લક્ષ્ય છે. તેવી જ રીતે સકુલ 40 લાખ ટન સ્ટીલનું ઉત્પાદન કરે છે.

## વિજય કેડિયાની માંગ: 'લિસ્ટેડ શેર્સ પરથી LTCG નાબૂદ કરો

મુંબઈ, તા. 28: શેરબજારના જાણીતા રોકાણકાર વિજય કેડિયાએ લિસ્ટેડ શેર્સ પરનો લોંગ ટર્મ કેપિટલ ગેઈન (LTCG) ટેક્સ સંપૂર્ણપણે નાબૂદ કરવાની માંગ કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરીને તેમણે સરકારને આ ટેક્સ પોલિસીમાં ફેરફાર કરવા વિનંતી કરી છે. લાંબા સમય સુધી નાણાં રોકી રાખનારાઓ સટ્ટો નથી રમતા, પરંતુ વ્યવસાય વધારવા, નોકરીઓનું સર્જન કરવા અને દેશના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. બેવડો ટેક્સ અયોગ્ય: કંપનીઓ ઓલરેડી કોર્પોરેટ ટેક્સ, GST, કસ્ટમ અને સ્ટેમ્પ ડ્યુટી જેવા અનેક ટેક્સ સરકારને ચૂકવે છે. તેવામાં આર્થિક પ્રવૃત્તિના અંતિમ પરિણામ (નફા) પર ફરીથી મોટો ટેક્સ વસૂલવો યોગ્ય નથી. રોકાણ માટે પ્રોત્સાહન જરૂરી: દેશની કર નીતિ એવી હોવી જોઈએ જે લોકોને સોના જેવી નિષ્ક્રિય સંપત્તિના બદલે લાંબા ગાળાના બિઝનેસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નાણાં રોકવા પ્રોત્સાહિત કરે.

## અમેરિકામાં મોંઘવારી ત્રણ વર્ષની ઉંચી સપાટીએ પહોંચી

**નિષ્ણાતોના** મતે ઉંચો ફુગાવો મધ્યસત્ર ચુંટણી પર અસર પાડી શકે છે

નવી દિલ્હી, તા. 28: અમેરિકામાં ફુગાવો ફરીથી ઝડપથી વધવા લાગ્યો છે. એપ્રિલ 2026માં ફુગાવો વધીને 3.8 ટકા થયો હતો. જે મે 2023 પછીનું સર્વોચ્ચ સ્તર છે. ગેસના વધતા ભાવ અને મોંઘી ખાદ્યચીજોએ સામાન્ય લોકોના ખિસ્સા પર દબાણ વધાર્યુ છે. અમેરિકી વાણિજ્ય વિભાગના જણાવ્યા અનુસાર માર્ચમાં ફુગાવાનો દર 3.5 ટકા હતો. જોકે, માસિક બેઝ પ્રાઈસમાં વધારાની ગતિ થોડી ધીમી રહી હતી. એપ્રિલમાં ભાવમાં 0.4 ટકાનો વધારો થયો હતો, જે માર્ચમાં 0.7 ટકા હતો.

રિપોર્ટ અનુસાર માત્ર ગેસ અને પેટ્રોલ જ નહીં, અન્ય ઘણી આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો થયો છે. આ સુચવે છે કે ફુગાવાનું દબાણ ટુંકસમયમાં સમાપ્ત થવાનું નથી. નિષ્ણાતોનું માનવું છે કે જો આ સ્થિતિ ચાલુ રહેશે તો તેની અસર અમેરિકન રાજકારણ પર પડી શકે છે. આ વર્ષે યોજાનારી મધ્યસત્ર ચુંટણીમાં વધતો ફુગાવો મોટો મુદ્દો બની શકે છે.

ફુગાવો હજુય પણ યુએસ સેન્ટ્રલ બેન્ક, ફેડરલ રિઝર્વના 2 ટકાના લક્ષ્યથી ઉપર છે. આવી સ્થિતિમાં વ્યાજદરમાં ઘટાડો કરવાની આશા નબળી પડી જણાય છે. કેટલાક અધિકારીઓએ તો સંકેત પણ આપ્યો છે કે જો જરૂર પડે તો વ્યાજદરમાં વધારો કરી શકાય છે.

જો આપણે ફુડ અને એનર્જી જેવી વધુ અસ્થિર કેટેગરીને બાકાત રાખીએ તો એપ્રિલમાં કોર ફુગાવો વધીને 3.3 ટકાથયો હતો.

### બજેટ ૨૦૨૬-૨૭ માટે નાણા મંત્રાલયનો નવો પ્રયોગ

## જમીની હકીકત જાણવા ફેક્ટરીઓ અને ઉદ્યોગોની મુલાકાત લેશે વરિષ્ઠ અધિકારીઓ

નવી દિલ્હી: દેશના આર્થિક નીતિ-નિર્ધારણને વધુ સચોટ અને ગ્રાઉન્ડ-લેવલ આધારિત બનાવવા માટે કેન્દ્રીય નાણા મંત્રાલયે એક અનોખી પહેલ શરૂ કરી છે. નાણા મંત્રાલય અંતર્ગત આવતા ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેર્સ ($DEA$) ના વરિષ્ઠ અધિકારીઓ હવે દેશભરના મોટા, મધ્યમ અને નાના લઘુ ઉદ્યોગો (MSMEs) તેમજ સ્ટાર્ટઅપ્સની રૂબરૂ મુલાકાત લઈને ઉદ્યોગ જગતની વાસ્તવિક સમસ્યાઓનો તાગ મેળવશે.પશ્ચિમ એશિયા સંકટ અને આર્થિક પડકારોવર્તમાન સમયમાં ચાલી રહેલા પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) સંકટના કારણે ક્રૂડ ઓઈલ મોંઘું થયું છે, રૂપિયો દબાણ હેઠળ છે અને સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આ વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ખાનગી રોકાણને વેગ આપવા માટે મેક્રો-લેવલ (મોટા આંકડા) ની સાથે ગ્રાઉન્ડ-લેવલની માહિતી હોવી જરૂરી છે. આ માટે મંત્રાલયના એડિશનલ સેક્રેટરી કે જોઈન્ટ સેક્રેટરી સ્તરના અધિકારીઓની આગેવાનીમાં ૫ સભ્યોની ટીમો ૨ થી ૩ દિવસ માટે વિવિધ ઈન્ડસ્ટ્રિયલ ક્લસ્ટર્સની મુલાકાત લેશે. મુલાકાતના મુખ્ય હેતુઓ અને બજેટ કનેક્શન:મુખ્ય મુદ્દાઓ પર ફોકસ: આ ટીમો ઉદ્યોગોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખામીઓ, કાયદાકીય અડચણો, સપ્લાય ચેઈનની સમસ્યાઓ, લોન (ફાઈનાન્સ) મેળવવાની મુશ્કેલીઓ અને ટેક્નોલોજી અપગ્રેડેશન જેવા મુદ્દાઓ પર સીધો પ્રતિભાવ (Feedback) મેળવશે.

સ્ટાર્ટઅપ્સ સાથે સંવાદ: દરેક મુલાકાત દરમિયાન ટીમોએ ઓછામાં ઓછા બે સ્ટાર્ટઅપ્સ સાથે પણ સંવાદ કરવો પડશે. ઉદ્યોગ સંગઠન $CII$ ને આ પ્રક્રિયામાં સહયોગ આપવા જણાવાયું છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૩૩૫ |
| તેજાબી સોનું | ૧૫૯૨૪૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૩૭૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૬૧૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૩૩૫૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૬૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૮૨૦૦ |

## રિઝર્વ બેન્કની બેઠકમાં વ્યાજદર વધશે?

**લોન** લેવી મોંઘી પડશે, તેમજ ઇએમઆઇનો બોજ વધશે

નવી દિલ્હી, તા. 28: વિશ્વભરમાં વધતી અનિશ્ચિતતા અને ક્રુડ ઓઈલના ભાવમાં વધારા વચ્ચે ફુગાવાની ચિંતા ફરી વધવા લાગી છે. નિષ્ણાતોનું માનવવું છે કે, આબીઆઇ આ સમયે અચાનક આક્રમક વ્યાજદરમાં વધઆર કરશે નહીં. જોકે, તેમણે લોકોને બેદરકાર ન રહેવાની સલાહ આપી છે અને સમજદારીપુર્વક નાણાકીય યોજના બનાવવાની સલાહ આપી છે.

બજારના વાતાવરણમાં જવાબદારીપુર્વક લોન લેવી, નાણાકીય જાગૃતિ અને લાંબા ગાળાની યોજના બનાવવી ખૂબજ મહત્વપુર્ણ રહેશે. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, વ્યાજ દર હાલમાં સ્થિર રહી શકે છે. પરંતુ પશ્ચિમ એશિયામાં તણાવ, ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ અને રૂપિયા-ડોલરની ગતિ આરબીઆઈની આગળની નીતિને પ્રભાવિત કરી શકે છે. તેથી, લોકોએ માત્ર રેપો રેટની અપેક્ષાઓના આધારે નાણાકીય નિર્ણયો ન લેવા જોઈએ.

જોકે, તાજેતરમાં એક કાર્યક્રમમાં આરબીઆઈએ કહ્યું કે, વ્યાજદર વધારવા માટે રિઝર્વ બેન્ક કોઇ આતુર નથી, તાત્કાલિક આક્રમક પગલાં લેશે નહીં. તમામ પાસાઓને બારીકાઈથી નજર રાખી રહ્યું છે. જેથી યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાશે.

## અદાણી ટોટલ ગેસના શેરમાં તોફાન વધ્યું, પાંચ દિવસમાં 32 ટકા વધ્યો

**છેલ્લા** બે અઠવાડિયામાં સીએનજીના ભાવમાં ચાર વખત વધારો થતા કંપનીના નફામાં વધારો થશે

મુંબઈ, તા. 28: અદાણી ટોટલ ગેસમાં ગઈકાલે સતત પાંચમા કારોબારી દિવસે મજબૂતી મળી હતી અને તે એક વર્ષની નવી ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અદાણી ટોટલ ગેસ છેલ્લા ત્રણ મહિનામાં 83 ટકા અને એક મહિનામાં 31 ટકા વધ્ય છો. જેમાંથી 16 ટકા ગઈકાલે વધ્યો હતો. સીએનજી (કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ)ના ભાવમાં વધારો અને માર્ચ ક્વાર્ટરમાં મજબૂત બિઝનેસ પરિણામને પગલે અદાણી ટોટલ ગેસના શેરમાં તીવ્ર વધારો થયો છે. વૈશ્વિક ઉર્જા ખર્ચમાં વધારો અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે છેલ્લા બે અઠવાડિયામાં સીએનજીના ભાવમાં ચાર વખત વધારો કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે આનાથી આગામી ક્વાર્ટરમાં સિટી ગેસ વિતરણ કંપનીઓની કમાણી અને નફામાં સુધારો થઈ શકે છે.

## 'કટ્ટલન': અતિશય હિંસા છતાં એક્શન પ્રેમીઓને ગમશે




**મૂવી રિવ્યુ** — અમર સોલંકી દ્વારા

ફિલ્મ: 'કાત્તલન'

રેટીંગ: ★★☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: અતિશય હિંસા છતાં, એક્શનના કારણે માસ ઓડિયન્સ માટે એક વખત જોવા જેવી સરેરાશ મનોરંજક ફિલ્મ છે

ક્યુબ્સ એન્ટરટેઈનમેન્ટની 'કટ્ટલન' (મલયાલમ ડબ) એક એક્શન ફિલ્મ છે, જે એક બદલાની ભાવના રાખતા ટ્રાન્સપોર્ટર અને ક્રૂર હાથીદાંતના સ્મગલર મારી અન્ના (સુનીલ) વચ્ચેની લડાઈની વાર્તા છે. 'પુષ્પા: ધ રાઈઝ' જેવી જાણીતી વાર્તા હોવા છતાં, પોલ જ્યોર્જ, જોબી વર્ગીસ અને જેરો જેકોબની પટકથા ઝડપી અને રસપ્રદ છે. જોકે, ફિલ્મમાં હિંસાનું પ્રમાણ વધુ હોવાથી કદાચ ફેમિલી ઓડિયન્સને તે પસંદ ન આવે, પણ માસ ઓડિયન્સ માટે આમાં પૂરતો મસાલો છે. ફિલ્મનો સેકન્ડ હાફ ફર્સ્ટ હાફ કરતાં વધુ સારો છે.

અભિનયની વાત કરીએ તો, એન્ટની વર્ગીસે એન્ટની તરીકે દમદાર અને આત્મવિશ્વાસપૂર્ણ પરફોર્મન્સ આપ્યું છે. વિલનની ભૂમિકામાં સુનીલે ઉત્તમ કામ કરીને પોતાના પાત્રને નફરતને પાત્ર બનાવ્યું છે. કબીર સિંહ દુહાન (એડી તરીકે) અને જગદીશે પણ સારું કામ કર્યું છે, જ્યારે અલ્ફોન્સ પુથ્રેન અને લોકેશ કનગરાજનો કેમિયો આકર્ષક છે.

નિર્દેશક પોલ જ્યોર્જે સારું સંચાલન કર્યું છે.

પ્લસ પોઈન્ટ: એન્ટની વર્ગીસ અને સુનીલનો શાનદાર અભિનય, ઝડપી પટકથા, દમદાર એક્શન સીન્સ, શાનદાર સિનેમેટોગ્રાફી અને ફિલ્મનો મનોરંજક બીજો ભાગ.

માઈનસ પોઈન્ટ: વાર્તામાં નવોદિતતાનો અભાવ, અતિશય અને ક્રૂર હિંસા, હિન્દી દર્શકોમાં ફિલ્મ પ્રત્યે ઓછી જાગૃતિ, જાણીતા ચહેરાઓની ખોટ અને સરેરાશ સંગીત.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**શૈક્ષણિક સંસ્થા માટે** અંદાજિત 3,000 વાર જમીન અથવા તૈયાર સ્કૂલ
વેસુની આસપાસ 5 કિલોમીટરના વિસ્તારમાં વેચાણથી અથવા લોંગ લીઝ પર જોઇએ છે
Mo-7069408897, 9909917199

**રોહાઉસ વેચવાનું છે**
સોલાર તેમજ ફિક્સ ફર્નિચર સાથે. G 1.5 ફ્લોર 78, પુષ્પક સોસાયટી, ટેકરાવાળા સ્કૂલ પાસે પાલનપુર પાટીયા રાંદેર રોડ
9825511699

**દુકાન વેચવાની છે**
G/4 ગ્રાઉન્ડ ફ્લોર 378 સ્કે. ફિટ સંગીત સરિતા કોમ્પલેક્ષ સ્નેહ સંકુલ વાડી પાસે, આનંદ મહેલ રોડ, અડાજણ
9825511699

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ** ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (દ્વારકા, સોમનાથ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) 8238872861, 7802062340 (119)

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**જયશ્રી ટિફિન સર્વિસ** અડાજણમાં 3 કિલોમીટરનાં વિસ્તારમાં ફ્રી ડીલીવરી ટિફિન સર્વિસ મળશે 7862097277 (117)

**ઘરબેઠા TV, LCD** LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700.

નોકરી વિષયક

**અમારે સાફ સફાઈ** થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

**E Commerce** માટે 1 Female candidate જોઈએ છે Qualification bachlor- 8460279559 (120)

**લોનની કંપની માટે** ટેલીકોલર છોકરી જોઈએ છે ફુલટાઈમ Location: નાનપુરા સુરત મો:- 9586817707 (118)

**ગુજરાત સ્ટેટ એઈડ્સ** કંટ્રોલ સોસાયટીના અનુદાનિત સંસ્થા આદર્શ મહિલા મંડળ ટી. આઈ પ્રોજેક્ટ માટે હંગામી ફિક્સ પગારથી નીચે મુજબ જગ્યા ભરતી કરવાની હોવાથી આઉટરીચ વર્કર- 2 લાયકાત: ૧૨ પાસ / સ્નાતક પગાર ૧૦,૫૦૦/ ટી.એ- ૧૫૦૦/- ઈન્ટરવ્યુ તારીખ:- ૦૩/૦૬/૨૦૨૬ ઈન્ટરવ્યુ સમય:- ૧૦:૦૦ થી ૧:૦૦ સરનામુ:- ૨૧૬, તેજલ પાર્ક, જ્ઞાનદિપ સ્કૂલની સામે, અમરોલી ચાર રસ્તા, અમરોલી, સુરત મો.- 9727587782

**જોઈએ છે** ઘરકામ કરે એવા બહેન અથવા છોકરી પાર્લેપોઈન્ટ એરીયા ડોક્ટર સંજીવ શાહ, 42, જલદર્શન સોસાયટી, ઉમરીગર સ્કૂલની બાજુમાં, ઉમરા, સુરત- 395007. Mobile: 9825097763

**જોઈએ છે** રાઉન્ડ પરસન, ફ્લેબોટોમિસ્ટ, લેબ ટેક્નિશિયન. યુનિપેથ લેબ અઠવાગેટ. 9824981741 (123)

**જોઈએ છે** ચોખાના વેચાણ માટે અનુભવી સેલ્સમેન Mo. 9904732200, 9825163659

**ડેન્ટલ માટે** અનુભવી સ્ટાફ જોઈએ છે. ઉગત, કેનાલરોડ. સંપર્ક કરો... 9664517181

**વેસુમાં CAની ઓફિસ** માટે Tally Income Tax (Genius), GST માટે Experienced Staff Whatsapp 9825481248

**આઈસ્ક્રીમ પાર્લરમાં** સુરત અનુભવી ઓપરેશન પર્સન અને અનુભવી ટી, કોફી, મિલ્કશેક જ્યુસ મેકર જોઈએ વધુ માહિતી માટે સંપર્ક કરો 9712907552

મિલ્કત વેચવાની છે

**U G. 26, દુકાન** વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ, Mo. 9033160362.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.